 ISSN: 2349-6002

# ઉપનિષદકાલીન શિક્ષણની આધુનિક પ્રસ્તુતતા

ડો.ધવલકુમાર હર્ષદરાય મહેતા
*મદદનીશ શિક્ષક , શ્રીમતી એમ. એમ. કન્યા વિદ્યાલય, પાલીતાણા. જિલ્લો, ભાવનગર*
*doi.org/10.64643/IJIRTV12I8-191395-459*

## I. પૂર્વ ભૂમિકા

શિક્ષણને સમાજ નિર્માણ માટેનું અનિવાર્ય પાસું ગણવામાં આવે છે. તે આજનો સમાજ હોય કે પછી વૈદિક સમાજ. જો શિક્ષણ પદ્ધતિ - વ્યવસ્થા યોગ્ય હશે તો આપોઆપ ઉચ્ચ મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વનું નિર્માણ થશે. આદર્શ સમાજ રચના થઈ શકશે. આથી વૈદિક કાળથી લઈ આજે પણ આપણે શિક્ષણ વ્યવસ્થાને લઈ ખૂબ જ સજાગપણે પ્રયત્નશીલ  છીએ ત્યારે તાજેતરમાં અમલીકૃત થયેલ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં પણ મૂલ્ય નિષ્ઠા માનવ નિર્માણ માટે ખૂબ જ કાળજીપૂર્વકની બાબતો સમાવિષ્ટ કરવામાં આવેલ છે. જેમાં આપણે ભારતીય સંસ્કૃતિની ઉન્નત વિચારધારા, ઉન્નત ચિંતન વગેરે દ્રષ્ટિગોચર થાય છે. એક રીતે જોઈએ તો વૈદિક શિક્ષણ પ્રણાલીની મહત્તમ બાબતોને દ્રષ્ટિ સમક્ષ રાખી તેમાં વણી લેવાનો જે પ્રશાસ્ય પ્રયાસ થયેલ છે તે ખરેખર પ્રશંસનીય ગણી શકાય. જેને લક્ષ્યમાં લઈ અત્રે આપણે ઉપનિષદ કાલીન શિક્ષણ પદ્ધતિને આધુનિક શિક્ષણ પદ્ધતિ સાથે સાયુજ્ય સાધી  મહત્તમ રીતે કઈ રીતે આધુનિક શિક્ષણ પદ્ધતિમાં તેને પ્રસ્તુત કરી શકાય તે જોઈએ.

સામાન્ય રીતે જોઈએ તો ઉપનિષદ અધ્યાત્મ વિદ્યાના સર્વોત્તમ ગ્રંથો છે. જેમાં આધ્યાત્મની પરમકોટીએ પહોંચેલા ઋષિ પોતાના શિષ્યોને જે રીતે શિક્ષિત - દીક્ષિત બનાવવા પ્રયત્નશીલ બને છે અને તેમાં કઈ કઈ બાબતોથી સફળતા પ્રાપ્ત કરે છે. તે પૈકીની કેટલીક બાબતો આપણે અત્રે ચકાસવાનો પ્રયત્ન કરીએ. સર્વપ્રથમ શિક્ષણ પદ્ધતિઓની આપણે આધુનિક શિક્ષણ વ્યવસ્થા અંતર્ગત કઈ રીતે ઉપયોગ કરી શકાય તે જોઈએ.

## II. ઉપનિષદમાં વર્ણીત શિક્ષણ પદ્ધતિઓ

શિક્ષણની  અસરકારકતા ત્યારે જ બની શકે છે જ્યારે શિક્ષણની પદ્ધતિ અસરકારક  હોય. આજે સંખ્યાબંધ શિક્ષણ પદ્ધતિઓ પ્રયોજવામાં આવે છે. તેમાંની કેટલીક પદ્ધતિઓ ઉપનિષદ કાલીન શિક્ષણ વ્યવસ્થામાં પ્રયોજવામાં આવતી. ઉપનિષદના ઋષિ જે પદ્ધતિથી શિષ્યોને શિક્ષણ પ્રદાન કરતા તે મુખ્ય પદ્ધતિઓ જોઈએ તો, સંવાદ પદ્ધતિ, દ્રષ્ટાંત પદ્ધતિ, સુત્ર પદ્ધતિ, રૂપક પદ્ધતિ, સ્વગોક્તિ પદ્ધતિ, સમન્વય પદ્ધતિ, વ્યુત્પત્તિ પદ્ધતિ, પ્રતીગમન પદ્ધતિ. ઉપરોક્ત પદ્ધતિ પૈકીની કેટલીક પદ્ધતિ આજની શિક્ષણ વ્યવસ્થા માટે આદર્શ બની શકે તેમ છે. જો તેનો  સુચારુ રીતે ઉપયોગ કરવામાં આવે તો ઉપનિષદયુગીન મૂલ્યનિષ્ઠ શિષ્યની માફક આજે પણ આપણે આવા વિદ્યાર્થી થકી મૂલ્યનિષ્ઠ સમાજની પરિકલ્પના સાકાર કરી શકીએ તેમ છીએ. અત્રે નોંધણીય છે કે, જેનો ઉલ્લેખ વર્તમાન નવી શિક્ષણનીતિમાં પણ જોવા મળે છે.

ઉપનિષદ કાલીન શિક્ષણ પદ્ધતિ હોય કે વર્તમાન શિક્ષણ પદ્ધતિ જેમાં મુખ્યત્વે સંવાદ પદ્ધતિ મારફત કરવામાં આવતી શૈક્ષણિક પ્રક્રિયા વધુ સુલભ બની રહેતી હોય છે. ઉપનિષદ કાળમાં સંવાદના ચોક્કસ નિયમો પણ અસ્તિત્વમાં હતા. તે અંતર્ગત ગુરુ શિષ્ય સાથે સંવાદો યોજાતા.(1) આજની શિક્ષણ વ્યવસ્થા અંતર્ગત યોજાતા સંવાદોમાં પણ જો ચોક્કસ નિયમો મુજબ  સંવાદ યોજવામાં આવે તો તે સંવાદની અસરકારકતા ખૂબ જ વધી જતી હોય છે. આ ઉપરાંત ઉપનિષદ કાલીન શિક્ષણની અન્ય પદ્ધતિઓમાં દ્રષ્ટાંત કથા સૂત્ર રૂપક સ્વગોક્તિ વગેરે પદ્ધતિઓને આપણે આજની શિક્ષણ વ્યવસ્થામાં આદર્શરૂપ ગણી અમલીકૃત કરી શકેએ.

 ISSN: 2349-6002

III. અધ્યયનનું મુખ્ય વિષયવસ્તુ

ઉપનિષદ કાળના ઋષિ ગુરુનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીનો શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવનાત્મક, અધ્યાત્મિક રીતે સર્વોત્તમ વિકાસ થાય તે રહેતો. જેની વર્તમાન સમયમાં પણ પ્રસ્તુતા ગણી શકાય તેમ છે. આમ જોઈએ તો, ઉપનિષદ આધ્યાત્મવિદ્યાના ગ્રંથો છે. જેમાં ગુરુ શિષ્ય બંનેનો મુખ્ય ઉદ્દેશ આધ્યાત્મિક ઉન્નતિનો રહેતો. જેનું પૂર્ણ વર્ણન મુંડકોપનિષદમાં પરા- અપરા વિદ્યા અંતર્ગત જોવા મળે છે. આના થકી ગુરુ શિષ્યની શૈક્ષણિક પ્રક્રિયાનો ઉદ્દેશ્ય સિદ્ધ થાય છે જે શિક્ષણની પરિતુષ્ટિ ગણી શકાય. તેવી જ રીતે વર્તમાન શિક્ષણ પદ્ધતિ પણ ઉચ્ચ મૂલ્ય નિષ્ઠ આદર્શ નાગરિક અને તેમાં વિવિધ કૌશલ્ય નિર્માણની અપેક્ષા રાખતી હોય છે જેની પૂર્તિ માટે આપણે ઉપનિષદ શિક્ષણ પદ્ધતિને માર્ગદર્શક બનાવી તે પ્રમાણેનું શિક્ષણ પ્રદાન કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

આજની શિક્ષણ વ્યવસ્થામાં માત્ર મૂલ્યનિષ્ઠ નાગરિક બનાવવાનો જ ઉદ્દેશ નહીં પરંતુ સ્વરોજગારી માટેના ઉદ્દેશો પણ સમાવિષ્ટ કરવામાં આવેલા છે. જેને અનુલક્ષીને આજની નવી શિક્ષણનીતિમાં અધ્યયનના કેટલાક અન્ય વિષય વસ્તુનો સમાવેશ કરવામાં આવેલ છે. આ વિષય વસ્તુઓના અધ્યયન માટે ઉપનિષદમાં વર્ણીત સિદ્ધાંતોનું અનુપાલન કરી શિક્ષક વિદ્યાર્થી એ અધ્યયન-અધ્યાપન કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

IV. ઉપનિષદ શિક્ષણના અન્ય પાસાઓ

- ગુરુ શિષ્ય સબંધ :

શિક્ષણ વ્યવસ્થા ત્યારે જ તેના અંતિમ ધ્યેયને સાધી શકે જ્યારે શિક્ષણના બંને ધ્રુવ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધો સૌહાર્દપૂર્ણ હોય. જો તે બંનેના સંબંધોમાં માત્ર ઓપચારિક જ હશે તો શિક્ષણ પણ ઓપચારિક જ પ્રાપ્ત થઈ શકશે. જેને આપણે પુસ્તકયુ જ્ઞાન અને ડિગ્રી લક્ષી જ્ઞાન ગણી શકીએ. જ્યારે ખરુ શિક્ષણ તો જીવન જીવવાની રીત શીખવે છે. જીવનના વિવિધ પાસાઓને સાંકળી લે છે. આ ત્યારે જ શક્ય બને જ્યારે ગુરુ શિષ્ય વચ્ચે આત્મીય સંબંધ હોય જે ઉપનિષદમાં આપણને સ્પષ્ટ જોવા મળે છે. ઉપનિષદ કાળમાં ગુરુ શિષ્યનો સંબંધ કાયમી સંબંધ બની રહેતો. ગુરુનો ઉદ્દેશ પોતાના શિષ્યોને ક્ષમતા મુજબનું સર્વોત્તમ જ્ઞાન પ્રદાન કરી શ્રેષ્ઠ મનુષ્યનું નિર્માણ કરવાનું રહેતું. જ્યારે શિષ્ય પણ ગુરુ માટે શક્ય તમામ કાર્ય કરી આપવા કાયમ માટે તત્પર રહેતો. આજે વર્તમાન સમયમાં વેદકાલીન ગુરુ શિષ્યના સંબંધને આદર્શ રૂપ ગણવા રહ્યા. આજે પણ કેટલાક વિદ્યાર્થીઓ પોતાના ગુરુ અને પોતાના વિદ્યા કેન્દ્રોને કાયમ માટે યાદ રાખી, જરૂર પડે તો તે વિદ્યાનના કેન્દ્રો નું નવીનીકરણ સમયાંતરે કરાવતા હોવાના કેટલાક ઉદાહરણો સમયાંતરે જોવા મળે છે. આમ જોઈએ તો ઉપનિષદ કાળથી ગુરુ અને શિષ્યના સંબંધો ઉત્કૃષ્ટ જોવા મળે છે ખરેખર તો ગુરુ શિષ્યના સંબંધો શીલા પર લખાયેલા લેખ સમાન હોવા જોઈએ. શિષ્યોને પોતાની સમગ્ર જીવન દરમિયાન જ્યારે પણ કોઈપણ પ્રશ્ન ઉદભવે ગુરુ કાયમ માટે દરેક પ્રશ્નોનું નિરાકરણ કરવા તૈયાર હોવા જોઈએ. તો શિષ્યએ પણ ગુરુના આદેશનું સમગ્ર જીવન પર્યંત કરવું જોઈએ.

- ગુરુના લક્ષણો:

ઉપનિષદ યુગિન શિક્ષણ વ્યવસ્થામાં ગુરુના સ્પષ્ટ લક્ષણો જોવા મળે છે. ગુરુ જો ઉત્તમ લક્ષણોથી પૂર્ણ હશે તો જ તે પોતાના શિષ્યોને પૂર્ણ બનાવી શકશે. આથી ગુરુમાં ઉપનિષદ કાલીન શિક્ષણ વ્યવસ્થાની દ્રષ્ટિએ ચોક્કસ લક્ષણો હોવા અનિવાર્ય છે. જેમકે, વિનમ્રતા, તત્પરતા, સ્વઅધ્યયન માટે પ્રેરિત કરનાર, ધૈર્યની પરીક્ષા લેનાર, શિષ્ય વાત્સલ્ય, અધિકાર વગર ગ્રહણ ન કરવું, જ્ઞાન ગૌરવથી યુક્ત, શિષ્યોને સજાગ કરનાર વગેરે. આધુનિક શિક્ષકમાં પણ આ સર્વગુણોની અપેક્ષા રાખી શકાય.

- શિષ્યના લક્ષણો:

ઉપનિષદમાં ગુરુ જેટલા તેજસ્વી, બુદ્ધિ સંપન્ન હતાં, શિષ્ય પણ તેની સમાન ગુણ - લક્ષણો ધરાવતો હતો. મુંડકોપનિષદમાં શિષ્યની યોગ્યતા વર્ણવતા કહેવાયું છે કે,

**"क्रियावन्तः श्रोत्रिया ब्रह्मनिष्टाः स्वयं जुहवत एकर्षि श्रद्धयन।**
**तेषमेवैतां ब्रह्म विद्यां वदेत शिरोव्रतं विधिवध्यैस्तु चीर्णम्।।"(2)**

 ISSN: 2349-6002

ઉપરોક્ત લક્ષણો ધરાવનાર શિષ્યોને બ્રહ્મ વિદ્યા પ્રદાન કરવાનું મુંડકોપનિષદના ઋષિ કહે છે. આ ઉપરાંત શિષ્યમાં કેવા કેવા લક્ષણો હોવા જોઈએ તે જોઈએ તો, જિજ્ઞાસુ, વિનમ્રતા, સત્યભાષી, દ્રઢ નિશ્ચય, ધૈર્ય, કૃતજ્ઞતા, સ્વ અધ્યયન, આજ્ઞાંકિત, નિષ્ઠાવાન, એકાગ્રચિત વગેરે ગુણોથી યુક્ત શિષ્ય હોવો જોઈએ. ઉપરોક્ત ઉપનિષદ કાલીન શિષ્યની માફક આજના વિદ્યાર્થીઓમાં પણ આ લક્ષણો હોવા જોઈએ. આમાંના મહત્તમ લક્ષણો ધરાવનાર આજનો વિદ્યાર્થી મહત્તમ રીતે સફળતાને પ્રાપ્ત કરે છે.

- અધિકારી શિષ્યોને વિદ્યોપદેશ :

યોગ્ય લાયક શિષ્યોને જ ઉપનિષદના ગુરુ વિદ્યા પ્રદાન કરતા. અનધિકારી શિષ્યોને કોઈ પણ પ્રકારના લોભ લાલચમાં આવ્યા વગર ક્યારેય ગુરુ વિદ્યાપ્રધાન કરતા નહીં. વર્તમાન સમયમાં જોઈએ તો જે અયોગ્ય વ્યક્તિ એ એવી કેટલીક વિદ્યાઓ મેળવી, જેનો ઉપયોગ આજે તે માનવ ઉત્કર્ષ માટે નહીં પરંતુ વિનાશ માટે કરી રહ્યા છે. જેને લઈ ઉપનિષદના ઋષિની આ બાબત પણ દીર્ઘદ્રષ્ટિ સમાન ગણી શકાય.

આજની શિક્ષણ પદ્ધતિ દરેકને સમાન શિક્ષણનો અધિકાર પ્રદાન કરી શિક્ષિત કરવાના ઉમદા લક્ષ્ય સાથે કાર્યરત છે ત્યારે આ બાબત અંગે પુખ્ત વિચારણા કરી યોગ્ય અધિકારી શિષ્યોને જ ગુપ્ત અને ગંભીર બાબતોનું શિક્ષણ આપવામાં આવે તેની ખાત્રી કરવી જોઈએ. અન્યથા યોગ્ય શિષ્ય - વ્યક્તિ પાસે ગયેલું શિક્ષણ માનવ ઉત્કર્ષ માટે નહીં પરંતુ માનવ જાતની હાની માટે જ વપરાય છે તેમાં  શંકાને કોઈ સ્થાન નથી.

- પરીક્ષા પદ્ધતિ :

આજની પરીક્ષા પદ્ધતિ વિદ્યાર્થીને ગોખવા માટે પ્રેરિત કરતી હોય તેવું કેટલાક અંશે આપણે જોઈ શકીએ છીએ. જ્યારે ઉપનિષદના ઋષિની પરીક્ષા પદ્ધતિમાં આવી કોઈ બાબતને સ્થાન ન હતું. મોટાભાગે પરીક્ષા મોટા સમારંભ થકી કે પછી કોઈ રાજાની રાજસભામાં યોજાતી. જે પરીક્ષામાં મૌલિક રીતે જ વિદ્યાર્થી પ્રસ્તુત થતો. આજની પરીક્ષા પદ્ધતિમાં હજુ મૌલિક પ્રશ્નો ને અવકાશ મળે તેવો પ્રશસ્ય પ્રયાસ આપણે સહુ ભાગીદાર બની કરવો રહ્યો.

- વિદ્યાધ્યયનનું કેન્દ્ર:

ઉપનિષદ કાલીન શિક્ષણ પ્રણાલી અંતર્ગત શિક્ષણનું કેન્દ્ર કોઈ એક ચોક્કસ સ્થળ ન હતું. જેમ આજે આપણે અધ્યયનના કેન્દ્ર તરીકે શાળા  મહાશાળા ગણીએ છીએ કેમકે ઉપનિષદ કાળમાં ઋષિ, દેવર્ષિ, રાજર્ષિ દરેક વિદ્યાના પરમ ઉપાસક અને જ્ઞાનીઓ હતા. જે સર્વ વિદ્યાનું આદાન-પ્રદાન કરતા. આજની શિક્ષણ વ્યવસ્થા માફક માત્ર શિક્ષક જ વિદ્યાર્થીને વિદ્યાધ્યયન કરાવી શકે તેવી મર્યાદિત સમાજ તે સમયે ન હતી. વિદ્યાધ્યયન લઈ વિશાળ વિચારણા અને દ્રષ્ટિકોણ તે સમયે જોવા મળતો. તેમ છતાં શિક્ષણનું પ્રારંભિક કેન્દ્ર બિંદુ ઘરને જ ગણવામાં આવતું. પિતા જાત કર્મ વગેરે જરૂરી સંસ્કાર કરી બાળકના શિક્ષણની શરૂઆત કરાવતા. મોટાભાગે બાળક ગુરુ ગૃહે વિદ્યાભ્યાસ માટે જતો. ગુરુ ગૃહને અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. કોઈ ગુરુકુળ કહે, કોઈ આશ્રમ તો કોઈ ગુરુનું સાનિધ્ય પણ કહે છે. જે મોટા ભાગે અરણ્યમાં હોવાની માન્યતા પ્રવર્તે છે. આ સિવાય સમયાંતરે રાજા મહારાજાઓ દ્વારા યાજ્ઞિક અનુષ્ઠાનો ના આયોજન અંતર્ગત સભાઓ યોજાતી. જ્યાં વિદ્વત્ ગોષ્ઠિઓ થતી તો ક્યારેય રાજાની રાજસભામાં પણ તાત્વિક પરિષદો યોજાતી. જેમાં ભારત વર્ષના વિદ્વાન લોકો ઉત્સાહથી જોડાતા. આમ ઉપનિષદકાળમાં વિદ્યાનું અધ્યયન માત્ર ગુરુકુળમાં જ થતું એવું ન હતું. ઉપરયુક્ત સ્થળો પણ વિદ્યાધ્યયન કેન્દ્ર બનતા. આ બાબતને લક્ષ્યમાં રાખી આજના વિદ્યાર્થીએ પણ વિદ્યાધ્યયનનું કેન્દ્ર માત્ર શાળા - મહાશાળા નહીં પરંતુ વિકસિત દ્રષ્ટિકોણ અપનાવી જ્યાંથી પણ ઉચિત શિક્ષણ પ્રાપ્ત થાય તેને વિદ્યાધ્યયનનું કેન્દ્ર બનાવવું - માનવું જોઈએ.

- શિક્ષણની ત્રિપદા - શ્રવણ, મનન, નિદિધ્યાસન:

ઉપનિષદ કાળમાં ગુરુ શિષ્યને શિક્ષણ પ્રદાન કરે છે. આ શિક્ષણને આત્મસાત કરવા માટે વેદાંતમાં ત્રણ બાબતોને મુખ્ય ગણવામાં આવે છે. જેને આપણે શિક્ષણની ત્રિપદા પણ કહી શકીએ, જે શ્રવણ મનન અને ની નિદિધ્યાસન છે. સમગ્ર શિક્ષણ પદ્ધતિનો આધાર આ ત્રણ પદો પર રહેલો છે. વર્તમાન સમયમાં શિક્ષણની આ  ત્રિપદાની અનિવાર્ય જરૂરિયાત અનુભવાય રહી છે. જે ઉપનિષદ કાળમાં પાયાની બાબત ગણવામાં આવતી. વિદ્યાર્થી જ્યાં સુધી આ

ISSN: 2349-6002

શિક્ષણની ત્રિપદામાંથી પસાર થતો નથી, ત્યાં સુધી તે પૂર્ણ રીતે શિક્ષણની પ્રક્રિયામાંથી પસાર થતો નથી તેમ કહી શકાય. આથી વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં આ બાબત પર ખાસ ભાર મૂકવો અનિવાર્ય બની રહ્યું હોય તેમ લાગે છે.

## V. ઉપસંહાર

કોઈપણ સમાજ ગુણવત્તા સભર શિક્ષણની અપેક્ષા રાખતો હોય છે. આપણે આઝાદ થયા બાદ ગુણવત્તા સભર શિક્ષણ માટે કેટલાય શિક્ષણ પંચોની રચના કરી, સમયાંતરે શિક્ષણ નીતિઓ પણ રચાય.તેનો મુખ્ય ઉદ્દેશ ગુણવત્તા સભર શિક્ષણનો રહ્યો છે. જે આપણને ઉપનિષદ કાળના ઋષિ દ્વારા પોતાના શિષ્યોને અપાતા શિક્ષણમાં મહત્તમ રીતે દ્રષ્ટિગોચર થાય છે. આથી આપણે ઉપનિષદ શિક્ષણના વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખી, આજની શૈક્ષણિક પ્રક્રિયામાં તેને પ્રયોજવાનો સનિષ્ઠ પ્રયાસ કરવો જોઈએ. જે નવી શિક્ષણનીતિ 2020 માં પણ દ્રષ્ટિકોચર થાય છે ત્યારે ખાસ નોંધપાત્ર બાબત એ છે કે, આ નવી શિક્ષણ નીતિનો સુચારું રીતે અમલીકરણ થાય તો ચોક્કસ આપણે ભારતને વિશ્વ ગુરુ બનાવવાના આપણા લક્ષ્યને પહોંચે વળવામાં સફળ રહીશું.

પાદટીપ

**1. उपनिषद युगिन संस्कृति, डॉ. वेदवति वैदिक, पृ.490**
2 મુંડકપનિષદ 3-2-10

## સંદર્ભ ગ્રંથ સૂચિ


[1] ઉપનિષદ વિદ્યા, ભાણદેવ, પ્રવિણ પુસ્તક ભંડાર, રાજકોટ. પ્રથમ આવૃત્તિ - 1998

[2] એકાદશ ઉપનિષદ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ. ત્રીજી આવૃત્તિ - 2015

[3] ઉપનિષદ નવનીત, ડો. પ્રા. કિશોરભાઈ શિ. દવે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. બીજી આવૃત્તિ - 1998

[4] ઉપનિષદ વિચારણા, નર્મદાશંકર દેવશંકર મહેતા, અગમ નિગમ મંડળ, અમદાવાદ. બીજી આવૃત્તિ - 1972

[5] શ્રીમદ્ શંકરાચાર્યનું તત્વજ્ઞાન, પ્રા. સી. વી. રાવળ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ - 1974

[6] રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020, અનુ. પ્રો. જયના જોશી (સંયોજક), ડો. નિશાંત જોશી તથા અધ્યાપક મિત્રો. ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર.

[7] મંડકોપનિષદ સંપા. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. 142001

[8] उपनिषदयुगीन **संस्कृति, डॉ. वेदवती वैदिक, नाग पाब्लिशर्स, दिल्ली**.